પાટનગરનું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૩૫) અંક નં. ૩૧૫ | ૨૬ જાન્યુઆરી, ૨૦૨૧, મંગળવાર; પોષ સુદ - ૧૩ | પાનાં - ૧૨ કિંમત રૂ. ૨.૦૦

# સિક્કિમ સરહદે ભારત-ચીન વચ્ચે ઘર્ષણ

**અથડામણમાં ભારતના ૪ અને ચીનના ૨૦ જવાન ઘાયલ : ત્રણ દિવસ પહેલા ઉત્તર સિક્કિસમાં નાકુ લા ખાતે ચીની સૈનિકો અને ભારતીય જવાનો વચ્ચે ઘર્ષણ થયું હતું : ૨૦ જાન્યુ.એ નાકુલા વિસ્તારમાં ભારત-ચીન સૈનિકો વચ્ચે સામાન્ય અથડામણ થઇ હતી : સેનાનું નિવેદન**

ન્યુ દિલ્હી,તા.૨૫ ભારત અને ચીન આર્મી વચ્ચે સિક્કિમમાં એક સામાન્ય અથડામણના સમાચાર સામે આવી રહ્યા છે. એલએસીને લઈને બંને સેના વચ્ચે અથડામણ ૨૦ જાન્યુઆરીએ સિક્કિમના નાકુલા વિસ્તારમાં થઈ હતી. આ મુદ્દો સ્થાનિક કમાન્ડરોના સ્તરે ઉકેલાઈ ગયો છે. ભારતીય સેના દ્વારા સોમવારે આ વાતની પુષ્ટિ કરવામાં આવી છે.

પૂર્વીય લદાખમાં લાઈન ઑફ એક્ચ્યુઅલ કંટ્રોલ પર ફરી એકવાર અથડામણ થઈ છે. જણાવવામાં આવી રહ્યું છે કે ચીની સેનાએ ન્છઝની યથાસ્થિતિને બદલવાનો પ્રયાસ કર્યો હતો અને કેટલાક સૈનિકો ભારતીય ક્ષેત્ર તરફ આગળ વધવાનો પ્રયાસ કરી રહ્યાં હતાં. આ દરમિયાન ભારતીય સૈનિકોએ ચીની સૈનિકોને રોકી લીધાં. આ દરમિયાન બંને દેશોના સૈનિકો વચ્ચે અથડામણ થઈ, જેમાં ચાર ભારતીય અને ૨૦ ચીની જવાન ઘાયલ થયા છે. ભારતીય જવાનોનું સાહસ જોઈને પટી ચીની સૈનિકોને ઉભી પૂંછડીએ ભાગવું પડ્યું હતું.

આ સમય દરમ્યાન ભારત અને ચીનના જવાનો વચ્ચે ઘર્ષણ

● અનુસંધાન પાન-૭ પર

## સાબરકાંઠા, અરવલ્લી જિલ્લા બ્યુરો ચીફ તરીકે પ્રવિણ પટેલની નિયુક્તિ

ગાંધીનગર, તા.૨૫ ગાંધીનગર સમાચાર દ્વારા સાબરકાંઠા, અરવલ્લી જિલ્લા



બ્યુરો ચીફ તરીકે પ્રવિણ એમ. પટેલ(બાયડ)ની નિયુક્તિ કરવામાં આવી છે. તેઓ છેલ્લા ૨૪ વર્ષથી પત્રકાર તરીકે કામગીરી કરી જિલ્લાના અનેક પ્રાણ પ્રશ્નોને વાચા આપવી, છેવાડાના માનવીને સરકારી યોજનાના યોગ્ય લાભ મળે તેવા પ્રયાસ અને તંત્ર કોઈ અરજદારની વાત ન સાંભળે ત્યારે તેમની સામે આક્રમકતાપૂર્વક રિપોર્ટીંગ કરી બૃહદ સાબરકાંઠા જિલ્લામાં આગવી છબી ઉભી કરી છે. તેઓ શૈક્ષણિક સંસ્થા ઉપરાંત સામાજીક સંસ્થાઓ તેમજ રાજકીય સંગઠન સાથે પણ જોડાયેલા છે. જિલ્લા બ્યુરો ચીફ તરીકે નિયુક્તિ થતાં બંન્ને જિલ્લાના આગેવાનો, ઉદ્યોગકારો, કેળવણીકારો, સહકારી સંસ્થાઓના આગેવાનો, ડાંક્ટરો, કેમીસ્ટો તેમજ વિવિધ સમાજના અગ્રણીઓએ અભિનંદન પાઠવ્યા હતા.

## ગાંધીનગર સમાચાર

### અંક બંધ

આજે પ્રજાસત્તાક પર્વ નિમિત્તે તા. ૨૬-૧-૨૦૨૧ને મંગળવારના રોજ ગાંધીનગર સમાચાર કાર્યાલય સંપૂર્ણ રજા પાળશે. જેથી તા. ૨૭-૧-૨૦૨૧ને બુધવારનો અંક પ્રગટ થશે નહિં. જેની વાંચક, વિતરક અને વિજ્ઞાપનદાતા પરિવારોને નોંધ લેવા વિનંતી.

\- વ્યવસ્થાપક

તંત્રી સ્થાનેથી...

## આવકારનો ઉમળકો

પ્રજાસત્તાક પર્વના પાવન પ્રભાતે 'ગાંધીનગર સમાચાર' સાથે જોડાઈ રહેલ નવા વાંચક પરિવારોને અંતરના ઉમળકાથી આવકારીએ છીએ. અરવલ્લી-સાબરકાંઠા-રાંધેજા-રૂપાલ અને ગાંધીનગરના વિકસતા વિસ્તારોના ૫૮૪૦ પરિવારો 'ગાંધીનગર સમાચાર'ના વાંચક પરિવારમાં જોડાઈ રહ્યાની ખુશી આપ સૌને સમર્પિત કરૂ છુ.'ગાંધીનગર સમાચાર' પ્રકાશનનું ૩૫મું વર્ષ ઉજવી રહ્યું છે, ત્યારે ઉત્તર ગુજરાત અને ગાંધીનગરના વિસ્તારોમાં વિસ્તરતો વિશ્વાસ અમારે મન મુડી છે. વાંચકોની અપેક્ષા અને અભિલાષાઓના પડઘા અને પ્રતિબિંબો ઝીલવાની ક્ષમતામાં આજે નવું બળ ઉમેરાયુ છે. શાસન અને સમાજ વચ્ચે સેતુ બનવાનો સંકલ્પ આજે પણ અકબંધ છે. શહેરી-ગ્રામીણ વિસ્તારની સમસ્યાઓને પ્રાધાન્ય આપવા 'ગાંધીનગર સમાચાર' પ્રતિબદ્ધ છે.

નીતિ અને મૂલ્યોના ભોગે પણ સર્વોપરિતા સાબિત કરવાની હોડના સમયમાં આ અખબાર આજે સર્જનાત્મક અભિગમના મજબુત પાયા પર અડીખમ છે. સમાજની ખબર લેવાની સાથોસાથ ગાંધીનગર સમાચારે સમાજની ખપનું પણ ધ્યાન રાખ્યું છે. ખંડનાત્મક પ્રવૃત્તિઓને ખસેડીને ગાંધીનગર સમાચારે રચનાત્મક બાબતોમાં વિશેષ રૂચિ રાખી છે. સામાજિક-માનસિક હિંસાના હેવાલોને ઓછુ મહત્વ આપીને અમે સામાજિક ચેતના પ્રગટાવવાની વિશેષ ચિંતા કરી છે. ચટપટા અને અટપટા અહેવાલોને બદલે સભ્યતા અને સંસ્કારોનુ સિંચન થાય એવા સમાચારોને સવિશેષ પ્રાધાન્ય આપ્યુ છે. સર્જનાત્મક અભિગમ એ આ અખબારનો મુદ્રાલેખ છે. આવો, આપણે સૌ સાથે મળી સંવેદનશીલ સમાજરચના માટે સકારાત્મક વિચારો અને સમાચારોના વાહક બનીએ. પ્રત્યેક પ્રભાતે વ્યક્તિગત જીવનથી લઈ વૈશ્વિક જીવન સુધીના પુરક અને પ્રેરક વિચારો અને સમાચારો આપના આંગણે પીરસવાની અમને હોંશ છે.

'ગાંધીનગર સમાચાર' સકારાત્મક અને સર્જનાત્મક સંકલ્પો સાથે સંઘર્ષ કરી રહ્યું છે. ત્યારે આપના આશિર્વાદ અમારે મન અમુલ્ય મુડી બની રહેશે - આપનો વિશ્વાસ ગાંધીનગર સમાચારનો શ્વાસ છે - આપના પ્રેમ અને હુંફની અભિલાષા એવમ્ શ્રધ્ધા સહ પ્રજાસત્તાક પર્વની શુભ કામનાઓ.

\- કૃષ્ણકાન્ત જહા

GOOD HEALTH DIAGNOSTIC & OPD CENTER
આપનું સારૂ સ્વાસ્થ્ય એજ અમારૂ લક્ષ્ય
82380 59944
ગુડ હેલ્થ
ફીઝીશીયન ઓપીડી
ટી.એમ.ટી ઈ.સી.જી ની સુવીધા
બધા બ્લડ રીપોર્ટસ માં ૫૦% સુધી ડિસ્કાઉન્ટ
ઓર્થોપેડીક ઓપીડી
ડો પાર્થ ત્રિવેદી (એમ.એસ. ઓર્થો) પૂર્વ ઓર્થોપેડિક સર્જન જામનગર સિવીલ હોસ્પિટલ
ડાયાબિટોલોજિસ્ટ દ્વારા ડાયાબીટીસ કેમ્પ
ત્રી માસીક, છ માસીક તથા વાર્ષીક પેકેજીસ ની કીંમત ૧૬૦૦ રૂપિયા થી શરૂ
જોઈન્ટ રિપ્લેસમેન્ટ કેમ્પ
ઢીંચણના આંશીક ઘસારાની સારવાર ફક્ત કસરત અને દવા દ્વારા
પેથોલોજી લેબોરેટરી
જોઈન્ટ રિપ્લેસમેન્ટ અને આર્થોસ્કોપીક સર્જન
સ્ત્રીરોગ અને આઈ.વી.એફ નિષ્ણાત ની ઓપીડી (ટેસ્ટ ટ્યુબ બેબી)
દુકાન નંબર ૧૦૪, પેહલો માળ, પ્રમુખ ટેન્જન્ટ, સરગાસણ ચોકડી, ગાંધીનગર




Celebrating
1ST
ANNIVERSARY
of
ડૉ. પરમાર ની હોસ્પિટલ
M. 97372 19303 (માણસાવાળા)
એડવાન્સ લેપ્રોસ્કોપીક સર્જરી, ગાયનેક, મેટરનીટી હોમ અને IVF ક્લિનીક
કુડાસણની અમારી હોસ્પિટલની પ્રથમ વર્ષની ઝળહળતી સફળતા માટે આપ સૌના સહકાર બદલ ખુબ-ખુબ આભાર
બીજા વર્ષમાં મંગલ પ્રવેશ
ડૉ. લેખરાજ સિંઘ
M.S. (Surg.), F.MAS, F.I.A.G.E.S)
એડવાન્સ લેપ્રોસ્કોપીક સર્જન
એન્ડોસ્કોપીસ્ટ, ફ્લોઈન યુરોલોજી,
ફેલો ઈન બેરીયાટ્રીક સર્જરી
ડૉ. અદિતિ સિંઘ
(M.B., D.G.O.)
પ્રસૂતિ અને સ્ત્રી રોગ નિષ્ણાંત
ગાયનેક લેપ્રોસ્કોપી અને વંધત્વ નિવારણ નિષ્ણાંત
ઉપલબ્ધ સુવિધાઓ
યુરોલોજી
એડવાન્સ લેપ્રોસ્કોપીક
એન્ડોસ્કોપી સર્જરી
જનરલ સર્જરી
પ્રસૂતિ અને સ્ત્રી રોગોની સારવાર
ગાયનેક લેપ્રોસ્કોપી
3D-4D કલર ડોપ્લર સોનોગ્રાફી
વંધત્વની સારવાર અને IVF ક્લિનીક
★મેડીકલ અને કેશલેશ સુવિધા★એડવાન્સ ઓપરેટીવ થીયેટર
★જનરલ, ટ્વીનશેરીંગ, ડીલક્સરૂમ અને સ્યુટરૂમ ઉપલબ્ધ
બ્લોક સી, ત્રીજો માળ, પ્રમુખ મસ્તાના કોમ્પલેક્ષ, રીલાયન્સ ચાર રસ્તા પાસે, કુડાસણ, ગાંધીનગર

ભાવભર્યું આમંત્રણ
નવીન ઓમકાર પાન પાર્લરના સહયોગથી
પ્રજાસત્તાક દિવસની ભવ્ય ઉજવણી



તા. ૨૬/૧/૨૦૨૧, મંગળવારના રોજ કુડાસણ વિસ્તારના પહેલીવાર ભવ્ય આયોજન સાથે ઓમકાર પાન પાર્લરના ઉપક્રમે રાખેલ છે. જેનો લાભ લેવા ગાંધીનગરના તમામ નાગરિકોને પધારવા ભાવભર્યું આમંત્રણ છે. તથા આ શુભ પ્રસંગે નવીન ઓમકાર પાન પાર્લરની પણ શરૂઆત આપના કુડાસણ વિસ્તારમાં થવા જઈ રહી છે.
તો આ પ્રસંગે હાજર રહેવા દરેક નાગરિકોને ભાવભર્યું આમંત્રણ છે.
શુભ સ્થળ
ઓમકાર પાન પાર્લર
દુકાન નં. 33, રીલાયન્સ ચોકડી પાસે, મસ્તાના કોમ્પલેક્ષ, કુડાસણ, ગાંધીનગર
નિમંત્રક
ઓમકારસિંહ - મો. ૯૮૨૪૭ ૮૦૪૮૫
રોશનસિંહ - મો. ૮૦૦૦૦ ૦૮૦૩૨
અજયસિંહ - મો. ૯૬૩૮૨ ૨૧૧૬૬
નોંધ : સોશ્યલ ડીસ્ટન્સીંગનું પાલન કરવું.